॥ तस्य वाचकः प्रणवः ॥

# ઋતમ્ભરા

આત્મનો હિતાય જગતઃ સુખાય




પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી

વર્ષ - ૩૮ (એપ્રિલ, મે, જુન) માનદ્ તંત્રી : મિનિષ પટેલ


VOL - 38, 2022-23 ISSUE-IV Published on Every 3 Months

'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

॥ ॐ ॥
॥ तस्य वाचकः प्रणवः ॥











॥ ॐ ॥

॥ तस्य वाचकः प्रणवः ॥

# રુતમ્ભરા (ऋतम्भरा) એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું
# બહુજનહિતાય-બહુજનસુખાય

## તંત્રી લેખ

**ગુરૂ ગોવિંદ દોનો ખડે, કિસકો લાગુ પાય,**
**બલિહારી ગુરૂ આપકી, ગોવિંદ દિયો બતાય.**

પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજશ્રીએ આપણને ગોવિંદ સુધી પહોંચવાનો માર્ગ બતાવીને આ સ્થૂળ જગતની વિદાય લીધી છે. તેઓશ્રીનાં જીવનકાળ દરમ્યાન કરેલ સાધના-તપનો નિચોડ ઓમ્‌પરિવારનાં ભક્તજનોને દરેક પ્રસંગે આપ્યો છે. એક ઉચ્ચ કોટિનાં સંત-યોગી હોવા છતાં તેઓશ્રીની પાસે આવેલ ભક્તજનોને પ્રેમ-વાત્સલ્ય, આદર, આશીર્વાદ અને સાચી સમજણરૂપી જ્ઞાન અવિરત આપતા રહ્યાં છે.

૯૫ વર્ષની ઉંમરે પણ સંપૂર્ણ નિરોગી રહીને દેહત્યાગ કર્યો. પણ તેઓશ્રી વાણી, વિચારો, આશીર્વાદ અને જ્ઞાનરૂપી સૂક્ષ્મ રીતે આપણા વચ્ચે હરહંમેશ રહેવાના છે. પૂ.શ્રીની અંતિમવિધિ તેઓશ્રીની સાધના ભૂમિ ખંડેરાવપુરા ખાતે કરવામાં આવી. ખેતરોની વચ્ચે જે સ્થળે કુટિર બાંધીને પૂ.ગુરુજીએ સાધના કરેલી તે જ સ્થળે તેઓશ્રીની અંતિમવિધિ કરવામાં આવી. તેઓશ્રી દ્વારા રચેલ ધૂનોનું પઠન કરતાં કરતાં ખંડેરાવપુરા ગામમાં અંતિમયાત્રા તેઓશ્રીની સમાધિસ્થળ સુધી કરવામાં આવી. અંતિમદર્શન તથા અંતિમયાત્રાને ફોટોગ્રાફ રૂપે આ અંકમાં સમાવવાનો એક નમ્ર પ્રયાસ કરેલ છે. સાથે સાથે શોક સંદેશાઓ તથા શ્રી શશિકાન્તભાઈ દ્વારા અપાયેલ ભાવાંજલી આપેલ છે.



**॥ સત્યધર્મ ગુરુદેવ કી જય ॥**

# ભાવાંજલિ

## ઓમ્ પરિવારના આધ્યાત્મિક વડા સ્વયમ્ સિધ્ધ, યોગીરાજ શ્રી યોગભિક્ષુજી મહારાજને અર્પણ

- શશીકાન્ત પટેલ

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

પરમ્ ગુરુદેવ ઓમ્ પરમાત્માના પનોતા પુત્ર, ઓમ્પરિવારના આધ્યાત્મિક વડા, શિષ્યોના પરમાત્મા, સ્વયમ્સિદ્ધ, કૈવલ્ય પ્રાપ્ત, મહામુક્ત, પરમ્પુરુષ, યોગીરાજ શ્રી યોગભિક્ષુજી મહારાજ વિક્રમ સંવત ૨૦૭૯ ફાગણ સુદ-પાંચમ તા. ૨૪-૨-૨૦૨૩, શુક્રવારના રોજ ઓમ્પુરીમાં સિધાવ્યા. વિક્રમ સંવત ૨૦૭૯ ફાગણ સુદ-સાતમ તા. ૨૬-૨-૨૦૨૩ રવિવારના રોજ પૂજ્યશ્રીનો પાર્થીવ દેહ વેદોક્ત વીધી સહિત પંચમહાભૂતમાં વીલીન થઈ ગયો. પૂજ્યશ્રીએ પોતાના સમગ્ર જીવન દરમ્યાન ઓમ્પરમાત્મા પ્રેરીત સર્વ જીવ-જગતનું કલ્યાણ કરવામાં ઊભી થતી તકલીફો, મુશ્કેલીઓને સહર્ષ સહન કરી પોતાનું કાર્ય કરતા રહ્યા. સૌ કોઈ ભ્રમો, ભ્રાંતિઓ, અંધશ્રધ્ધા, કુરીવાજો જેવા અનેક દુષણોમાંથી મુક્ત થઈ, સત્ય-ધર્મ-સંયમ-નિયમ યુક્ત સાત્ત્વિક-સદાચારી જીવન જીવી સાચા સુખ-શાંતી પામે, તે માટે સાચી-સચોટ સમજણ રૂપી જ્ઞાન ગંગાની અસખ્લીત કૃપા વરસાવતા રહ્યા. ઓમ્ પરમાત્મા પ્રેરીત આ મહાભગીરથ પુરુષાર્થ પૂજ્યશ્રી પોતાના સમગ્ર જીવન પર્યંત નિષ્કામ ભાવે સહર્ષ કરતા રહ્યા. એટલું જ નહી પરંતુ પ્રેમ, વાત્સલ્ય, કરુણા રૂદ્ર અમી વર્ષાની હેલી એક સરખી સૌ ઉપર તૈલધારાવત વરસાવતા રહ્યા. પૂજ્યશ્રી તો ઓમ્પરમાત્માને સમર્પીત થઈ સમગ્ર જીવન જીવતા રહ્યા. તેથી લોકકલ્યાણનું આ ભગીરથ કાર્ય પૂજ્યશ્રી દ્વારા સ્વતંત્ર રીતે કરાયેલુ નથી. પરંતુ ઓમ્ પરમાત્માની પ્રેરણાને અનુરૂપ તેમના દૂત-સેવક બની કરતા રહ્યા છે. ભક્તોના હૃદયમાં પથ્થરની લકીરની જેમ અંકિત થયેલ વિદેહી ગુરુદેવ કોઈ આગોતરા એંધાણ વીના ઓચીંતા જ ઓમ્પુરી સીધાવ્યા, તેથી આ અકલ્પનીય એકાએક બનેલી ઘટનાથી પૂજ્યશ્રીના સર્વે પ્રેમીજનો, ભક્તો, શિષ્યો, આધ્યાત્મિક, સ્નેહીજનોના હૃદય ગ્લાનીથી ઉભરાઈ ગયા. કેમકે આપણે સૌ સાકાર સાથે જોડાયેલા ટેવાયેલા છીએ. તેથી પંચમહાભૂતથી બનેલ પૂજ્યશ્રીનો પાર્થીવ દેહ પંચમહાભૂતમાં વીલય થઈ જતા સાકાર રૂપે આપણી વચ્ચે રહ્યા નહી. તેથી સૌને તિવ્ર દુઃખ, આઘાતની લાગણી થાય તે સ્વાભાવિક છે.

પૂજ્યશ્રીએ નિત્યાનિત્યના વિવેક જ્ઞાનની સાચી સમજણ આપવાની કૃપા સૌ ઉપર સમાન રીતે સતત વરસાવી છે. તેને આપણે કેટલી સમજી શક્યા છીએ, જીવનમાં ઉતારી શક્યા છીએ તેની સાચી કસોટી આ સમયે જ થાય. પૂજ્યશ્રી દ્વારા અપાયેલ સાચી સમજણનું સતત સ્મરણ કરી આ આઘાતમાંથી ક્યારે અને કેટલા માનસીક-શારીરિક રીતે સ્વસ્થ થઈએ છીએ તે તેનો માપદંડ છે.

પૂજ્યશ્રી સતત સમજાવતા રહ્યા છે કે સમગ્ર જડ-ચેતન જગત પ્રકૃતિના તત્ત્વોથી બનેલુ છે. પ્રકૃતિ તો અનિત્ય અને પરીવર્તનશીલ છે. તે એક સ્વરૂપમાં-સ્થિતિમાં ક્યારે પણ સ્થિર રહેતી નથી. તેમાં સતત સર્જન-વિસર્જન થતુ જ રહે છે. તેથી જ જગતનું નિયમન-સમતોલપણું જળવાય છે. માનવ દેહ પણ

**॥ સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય ॥**

પ્રકૃતિના પંચમહાભૂતથી બનેલો છે. તેથી તેમાં પણ જન્મ-મૃત્યુરૂપી સર્જન-વિસર્જન થતુ જ રહે છે. તેમાંથી કોઈ જ બચી શકતુ નથી. ચાહે સાધક કે યોગી હોય, રાજા કે પ્રજા હોય, અમીર કે ગરીબ હોય, વિદ્વાન કે મુરખ હોય, ત્યાગી કે સંસારી હોય. તેથી પણ આગળ કહીએ તો ઈશ્વર તુલ્ય રામ-કૃષ્ણ જેવા યુગ-પુરુષ હોય તે સર્વે પણ પ્રકૃતિના આ અટલ નિયમથી બચી શકતા નથી. સિધ્ધેશ્વર, યોગેશ્વર, યોગીરાજ પૂજ્યશ્રીનો સાકાર દેહ પણ પ્રકૃતિના આ નિયમને અનુરૂપ પંચમહાભૂતમાં વીલીન થઈ ગયો. તેથી આપણે એમ નક્કી કરી લઈએ કે પૂજ્યશ્રી આપણી વચ્ચે હયાત નથી તો તે આપણું મહાઅજ્ઞાન જ છે.

આપણે ગુરુમહિમાનો જે પાઠ કરીએ છીએ તેમાં નીચે મુજબની પંક્તિ દ્વારા સમજવાનો પ્રયત્ન કરીએ પંક્તિ છે-

**''પાલો ગળી થઈ ગયુ છે પાણી,**
**અમરની મૂર્તિ અમરમાં સમાણી''.**

''પાલો'' નો અર્થ થાય કરા. આકાશમાંથી વરસતા વરસાદમાં બરફના જે ટુકડા પડે છે તેને કરા કહેવાય છે કે જે પાણીનું જ ઘન સ્વરૂપ છે. જેમ આ કરા જમીન ઉપર પડતા જ થોડી ક્ષણોમાં પાણી રૂપી તેના મુળ સ્વરૂપમાં ફેરવાઈ જાય છે. તેમ કૈવલ્ય પ્રાપ્ત યોગીજનો, સિધ્ધજનોના દેહ વીલય પછી તેમનું આત્મચૈતન્ય પરમ્ચૈતન્યમાં ભળી જઈ, એકાકાર થઈ સદા-સર્વદા જન્મ-મરણની ઘટમાળથી મુક્ત થઈ જાય છે. સ્વયમ્ સિધ્ધ, કૈવલ્ય પ્રાપ્ત, મહામુકત, પરમ્પુરુષ, બ્રહ્મનિષ્ઠ, બ્રહ્મશ્રોત્રિય, યોગીરાજ એવા સદ્ગુરુદેવનું આત્મચૈતન્ય પરમ્ચૈતન્યમાં એકાકાર થઈ ગયુ. ચૈતન્ય તો નિત્ય, નિર્ગુણ, નિરાકાર, અવ્યક્ત, અવીનાશી, અજન્મા, ત્રીગુણ તથા પ્રકૃતિથી પર છે. આ ચૈતન્ય સર્વવ્યાપક છે. તેથી પૂજ્યશ્રીનું આત્મચૈતન્ય પરમ ચૈતન્યમાં એકાકાર થઈ જવાથી સર્વ વ્યાપક થયુ. તેથી પૂજ્યશ્રી ચૈતન્યરૂપે આપણા સર્વે વચ્ચે હયાત છે. અને સદા-સર્વદા રહેશે જ તે નીશંક છે. તેથી પણ આગળ વિચારીએ તો પૂજ્યશ્રી ચૈતન્યરૂપે આપણા હૃદયમાં શ્વાચ્છોશ્વાસમાં, રુંવે રુંવ વસેલા જ છે. વિધ્યમાન છે. પૂજ્યશ્રી સદેહે હયાત હતા ત્યારે જે વિવેક-મર્યાદાપૂર્વક આપણે તેમના સાનિધ્યમાં-અનુશાસનમાં રહેતા હતા તે રીતે જ ચૈતન્ય રૂપ પૂજ્યશ્રીની સુક્ષ્મ હયાતીમાં વિવેક-મર્યાદા યુક્ત સભાનતા પૂર્વક જીવન જીવીશુ અને પૂજ્યશ્રી દ્વારા સદ્બોધ રૂપે અપાયેલ સાચી સમજણને આપણા અંતઃકરણમાં દૃઢ કરી પૂજ્યશ્રીના ચીંધ્યા માર્ગે અચલ શ્રધ્ધા, ભક્તિ, પ્રેમ, નિષ્ઠાપૂર્વક સત્ય-ધર્મ-સંયમ-નિયમ યુક્ત સાત્વિક-સદાચારી જીવન જીવીશું. સાથે સાથે પૂજ્યશ્રી પ્રેમ અને નિષ્કામભાવે લોકકલ્યાણનું મહાભગીરથ કાર્ય વણથંભ્યા સતત કરતા રહી વીરલ જીવન જીવ્યા. આપણે પણ પૂજ્યશ્રીના આ લોક કલ્યાણના કાર્યને જીવન પર્યંત, પ્રેમ પૂર્વક, નિષ્કામભાવે, એક સંપથી વણ થંભ્યા આગળ ધપાવવા સત્પુરુષાર્થ કરતા રહીએ. સાથે સાથે એક મુખ્ય સમજણનું સતત સ્મરણ કરતા રહીએ કે આ જે કાંઈ ગુરુકૃપાથી કરુ છુ તે અન્યોના નહી પરંતુ મારા પોતાના કલ્યાણ માટે જ કરી રહ્યો છું. જો આપણે સમજણપૂર્વક આવુ જીવન જીવીએ તો પૂજ્યશ્રીનો સાચી ભાવાંજલી આપી ગણાય. તો આપણે સૌ પણ ગુરુકૃપા થકી જ આવુ જીવન જીવવા સંકલ્પ બદ્ધ થઈ પૂજ્યશ્રીને ભાવાંજલી અર્પણ કરીએ.

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય. અસ્તુ.

ઓમ્... ઓમ્... ઓમ્...

**॥ સત્યધર્મ ગુરુદેવ કી જય ॥**

# પ.પૂ. ગુરુદેવ શ્રીનાં દેહત્યાગ બાદ આવેલા શ્રધ્ધાંજલિ સંદેશાઓની ઝલક

॥ ૐ ગુરુ ૐ॥

તસ્ય વાચક પ્રણવઃ

સત્ય ધર્મ ગુરુદેવ કી જય

સત્ય અને ધર્મની જય તો જ આપણી જય

રાજકોટ થી નિલેશ પાઠક ના જયનારાયણ,

પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી યોગભીક્ષુજી મહારાજની પરમ, પ્રબળ, આધ્યાત્મિક અને સકળ સકારાત્મક, દિવ્યપવિત્ર ચેતના હવે દેહ સ્વરૂપે (સ્થૂળ સ્વરૂપે), આપણી સાથે નથી પરંતુ પરમ પૂજ્ય યોગભિક્ષુજી મહારાજની અનેકો સૂર્યના તેજ જેવી પ્રખર અને પ્રચંડ તથા અલૌકાતિક દેવદિવ્ય ચેતના અને પ્રેરણા આપણી વચ્ચે આપણી સાથે જ છે, હંમેશા રહેશે તે તમારા અને મારા પછીની પણ અસંખ્ય પેઢીઓને યુગો સુધી સંપૂર્ણ અને માત્ર સંપૂર્ણ સાચો જીવનમાર્ગ અને સમજણ નો માર્ગ, ધર્મ અને પરમ સત્યનો માર્ગ દિવ્ય દીવાદાંડીની જેમ સતત, અવિરત, હરહંમેશ ચીંધ્યા કરશે.

જેમ મેડિકલ સાયન્સમાં ઓપરેશન (શૈલ્ય વિદ્યા) ના સાધનો જેમ જેમ સૂક્ષ્મ થતા ગયા, તેમ તેમ બારીક, અતિ બારીક, માઈક્રો, સુપર માઈક્રો ઓપરેશન અને સારવાર દ્વારા દર્દીને નિરામય (તંદુરસ્ત) કરવાની સુવિધા અને સરળતા ખૂબ જ વધી તે જ પ્રમાણે, પરમ પૂજ્ય શ્રી યોગભિક્ષુજી મહારાજ ના દેહ વિલય બાદ તેઓશ્રીની સંકલ્પ શક્તિ, ઈચ્છા શક્તિ, અને તેઓની પ્રચંડ ચેતના હવે સમગ્ર જગતનું સૂક્ષ્મ રીતે પણ કલ્યાણ કરશે જ. અનંત યુગો સુધી તેઓશ્રીની સમજણ, જ્ઞાન, તથા તેઓશ્રીની ગેબી સાધના ૐ અને મહાન તપ તથા તપ સિદ્ધિઓ હવે પછી સૂક્ષ્મ સ્વરૂપે અને વધુ પ્રબળતાથી લોક કલ્યાણ અર્થે જગતમાં અને અંતરિક્ષમાં વ્યાપ્ત થશે.

પૂજ્યશ્રી ની વાણી પ્રવાહ જાણે રત્નઅર્ણવ, પૂજ્યશ્રી નો સ્વભાવ સંપૂર્ણ સત્યનવેશી (સત્યશોધક) પવિત્રતાની જહાનવી (ગંગા), અરણ્ય જીવનથી ધર્મ સંસાર અને જીવનના સમુચિત સંપૂર્ણ જાણકાર.

• • •

**પ્રેસ નોટ**

ઓમ્‌પરિવાર

ધર્મમેઘ, ચંદ્રનગર સોસાયટી, સરદાર પટેલ હાઈસ્કૂલ પાસે, ભૈરવનાથ રોડ, મણીનગર, અમદાવાદ.

તા. ૨૭-૨-૨૦૨૩

માનનીય તંત્રી શ્રી,

ઓમ્‌પરિવારના આધ્યાત્મિક વડા અને બાલ બ્રહ્મચારી યોગીરાજ મહારાજશ્રી યોગભિક્ષુજીએ દેહ ત્યાગ કરતા, તેમના અંતિમ સંસ્કાર તેમની સાધના સ્થલી કડી પાસેના ખંડેરાવ પૂરા ગામે આજે સવારે સેંકડો ભક્તોની ઉપસ્થિતિમાં વેદિક પદ્ધતિથી ઋષિ કુમારોના ઋચાઓના ગામ વચ્ચે સંપન્ન થયેલ.

કડી પાસેના મેઢા ચોકડી પાસેના ખંડેરાવપૂરા ગામે જ્યાં સદગત યોગીરાજ શ્રી યોગભિક્ષુજીના અંતિમ સંસ્કાર થયા છે, ત્યાં આધ્યાત્મિક પ્રાર્થના સભાની સાથે ભંડારાનું આયોજન ગુરૂવાર તા. ૨-૩-૨૦૨૩ના સવારના ૮ થી ૧૦ માં યોજાયેલ છે તેમ ડોક્ટર સદગુરુ સમર્પણ ભિક્ષુજી (ડૉક્ટર સોમાભાઈ પટેલ)એ જણાવેલ છે. મોક્ષવાસી યોગીરાજશ્રી

યોગભિક્ષુજીએ આશ્રમ સ્થાપ્યા વગર દેશ વિદેશમાં પ્રવાસ કરીને ગૃહસ્થાશ્રમીઓ સાથે રહીને સાદું જીવન જીવીને પ્રભુ પ્રાપ્તિ કરવાની સમજણ આપવાની સાથે વિશ્વ શાંતિ અર્થે અગણિત યજ્ઞ કર્યા હતા.

પોતે લખેલ અસંખ્ય પુસ્તક પૈકી વિશ્વ અશાંતિના અતિ ગુપ્ત કારણોની મૌલિક રજૂઆત દર્શાવતુ **"નિર્ઝર કર્યું કો ગેબથી"** પુસ્તક દેશ વિદેશમાં ખુબ જ લોકપ્રિય બનેલ. આજના સમયમાં વિશ્વશાંતિ માટેનું તે પુસ્તક ગુરૂ ચાવી સમાન છે. તેઓનું મૂળ ગામ હળવદ હતું. તેઓ સ્વાવલંબી હતા. પૂર્વાશ્રમમાં મુંબઈ ખાતે રહેતા હતા ત્યારે ઘણી ધાર્મિક સામાજિક ફિલ્મોમાં અભિનય કરતા રહીને ગુજરાન ચલાવતા અને સાથો સાથ જંગલોમાં રહીને યોગાભ્યાસ કરતા હતા. ગિરનાર ખાતે દત્તાત્રેયની ટૂક પર દત્તાત્રેય ભગવાનના દર્શન પ્રાપ્ત થતાં તેઓએ સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરેલ હતી.

સાદુ જીવન જીવીને તેઓએ શરીરને નીરોગી રાખેલ. દેશ-વિદેશના યોગીરાજશ્રીઓ અને મહાનુભાવો તેમના આધ્યાત્મિક માર્ગદર્શન માટે આવતા હતા. પ્રસિદ્ધિથી દુર રહીને ભક્તોને ગૃહસ્થાશ્રમીઓ સાથે રહીને મોક્ષ પ્રાપ્તિ માટે માર્ગદર્શન માટે આવતા હતા. પ્રસિદ્ધિ થી દુર રહીને ભક્તોને ગૃહસ્થાશ્રમીઓ સાથે રહીને મોક્ષ પ્રાપ્તિ માટે માર્ગદર્શન આપતા હતા. સેંકડો ભક્તો તેમના દેહના અંતિમ દર્શન માટે ઉમટી પડ્યા હતા.

– શશીકાંત પટેલ

• • •

લગભગ ૩૦ વર્ષ પહેલાં ગુરુજી અમેરિકા આવ્યા ત્યારે સંજોગવશાત્ તેમને મળવાનું થયું. ત્યાર પછી અપ્રત્યક્ષ રીતે તેમનો સંપર્ક નિયમિત મળતી પત્રિકાઓથી રહ્યો અને તેમના આશીર્વાદ મળતા રહ્યા. દસેક વર્ષ પહેલા ધર્મમેઘ પર તેમના દર્શનનો લાભ મળેલો. આ વખતે પણ તેમના દર્શનની ઈચ્છા હતી અને સોમાભાઈને ફોનથી પૃચ્છા પણ કરેલી પણ તેમના સ્વાસ્થ્યને કારણે શક્ય ન બન્યું. **लियसि केवलम् ईश्वरेयम !** આત્મસ્વરુપે ગુરુજી આપણી સાથે જ છે. હરી ૐ.

– ગૌરાંગ વૈષ્ણવ, Tampa, Florida.

• • •

હળવદ નાં વિશિષ્ટ વ્યક્તિ માંના એક જેમને પોતાની સાધના સિધ્ધિ અને અથાગ પરિશ્રમ ને તપશ્ચર્યા ના બળ થી સમાજ ને સતત જાગ્રત રાખી યોગ સાધના નો માર્ગ ચીંધે અને અનેક પુસ્તકો લેખો દ્વારા સમાજને દિશાદર્શન કરતા રહે જીવન પર્યંત પ્રભુ નામ સાથે સમાજ ના યોગક્ષેમ માટે પ્રયત્નશીલ રહીને કામ કરતા હતા એવા વિભુતિ વંદન સ્વરૂપ હળવદીયા માં ના એક શ્રી યોગભિક્ષુજી મહારાજ અનેક અનુયાયીઓ ધરાવતા હતા તેમનો પડ્યો બોલ ઝીલી સમાજ કાર્ય કરતા હળવદ માટે અનન્ય પ્રેમ લાગણી હતી એવા વ્યક્તિત્વને કોટી કોટી વંદન શ્રદ્ધાંજલી. હળવદ ના ઈતિહાસ માં તેમનુ સામાજિક યોગદાન ચિર સ્મરણીય રહેશે મુળ નામ મુગટરામ જોષી પછી શ્રી યોગભિક્ષુજી તરીકે જાણીતા બન્યા. ગુજરાત સમાચાર મા અનેક લેખો એમને લખ્યા છે, મારા પિતાશ્રીનાં નજીક ના મિત્રો માના સહપાઠી શ્રી યોગભિક્ષુજી ને ભાવપૂર્વક શ્રદ્ધાંજલી અર્પણ કરી એ છીએ. હું વ્યક્તિગત અને અમારી શિશુમંદિર ની સંસ્થા વતી કોટી કોટી વંદન.

– ઘનશ્યામભાઈ દવે

• • •

**॥ સત્યધર્મ ગુરુદેવ કી જય ॥**

જય નારાયણ જય ગુરુદેવ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજના ચરણોમાં કોટી કોટી વંદન. આજની ઐતિહાસિક ક્ષણોમાં પરમ પૂજ્ય ગુરુદેવની સાધના તપોભૂમિ ખંડેરાવપુરા ગામમાં પૂજ્ય ગુરુદેવની અંતિમ સંસ્કાર વિધિ પ્રસંગે ગામના સર્વે ગ્રામજનો ધન્યતાની લાગણી અનુભવે છે તથા ઓમ પરિવાર નો આભાર પ્રગટ કરે છે.

સ્વ.શ્રી બળદેવભાઈ પરિવાર ના આપ સૌને જય નારાયણ

• • •

જય નારાયણ

પરમ પૂજ્ય શ્રી યોગભિક્ષુજી મહારાજ,

આપ શ્રી ને અમારા કોટી કોટી વંદન

આપશ્રીએ આપના અમૃતમય પુનિત દેહને સંકેલી લઈ-અખિલ બ્રહ્માંડમાં વ્યાપેલા પરમ પૂજ્ય શ્રી પ્રભુના પુનિત સ્વર્ગમાં પ્રવેશ કર્યાના સમાચાર મળતા અમો સર્વ શિષ્યો ખૂબ વિષાદ અનુભવીએ છીએ.

જોકે આપ શ્રી સૂક્ષ્મ રૂપે તો અમારી સાથે સદા કાળ માટે છો જ અને રહેશોજ એવી અમારી શ્રદ્ધા છે ! હા - અમારા માટે આપશ્રી એ અપાર છલકાવેલું - વાણી કર્મ રૂપે નું અણમોલ અમૃતનું પાન અમે હંમેશા કરતા રહીશું - કારણ કે એ જ તો અમારાં સમગ્ર સુખ શાંતિનું સનાતન રહસ્ય છે.

વર્તમાન ઉદિવગ્ન માનવ વિશ્વની ભારે અશાંત પરિસ્થિતિમાં શાંતિ સ્થાપવા આપશ્રીના ખુબ ખુબ આશીર્વાદ સદા વરસતા રહો એ જ અમારી મનોકામના અને ભાવભરી નમ્ર પ્રાર્થના. પ્રભુ આપને પરમ શાંતિ અર્પો.

જય નારાયણ, જય ગુરુદેવ

- કાર્તિક/ઉર્વશી નાયક

ઈચ્છાપુર, તાઃ ગણદેવી, જીઃ નવસારી



**॥ સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય ॥**

**સંદેશ** તા. ૨૬-૦૨-૨૦૨૩, રવિવાર

**ન્યૂઝ ફોકસ**



## ઓમ પરિવારના આધ્યાત્મિક વડા યોગીભીક્ષુજી મહારાજે દેહત્યાગ કર્યો

ઓમ પરિવારના આધ્યાત્મિક વડા, બ્રહ્મચારી યોગીરાજશ્રી યોગીભીક્ષુજી મહારાજે ૯૫ વર્ષની ઉંમરે દેહત્યાગ કર્યો છે. તેમણે આશ્રમ સ્થાપ્યા વિના દેશવિદેશમાં પ્રવાસ કરીને ગૃહસ્થાશ્રમીઓ સાથે રહીને સાદુ જીવન જીવીને પ્રભુ પ્રાપ્તિ કરવાની સમજણ આપવાની સાથે વિશ્વશાંતિ અંગે અનેકવિધ યત્નો કર્યા હતા. પોતે લખેલા અસંખ્ય પુસ્તક પૈકી વિશ્વ શાંતિના ગુહ્ય રહસ્ય દર્શાવતું 'નિરંજ ઝર્યું કે ગેબથી' પુસ્તક દેશવિદેશમાં ખુબજ લોકપ્રિય બન્યું. આજના સમયમાં વિશ્વશાંતિ માટેનું તે પુસ્તક ગુરુવાણી સમાન છે. મોક્ષવાસી સદ્ગત પરમ પૂજ્ય ગુરુદેવ યોગભીક્ષુજીના સાધના સ્થળ અમદાવાદથી ચાલીસ કિલોમીટરે આવેલા કડી તાલુકાના મેડા ખોરડી પાસેના ખંડેરાવપુરા ગામ ખાતે વૈદિક પદ્ધતિથી અગ્નિસંસ્કાર તા. ૨૬.૨.૨૦૨૩ને રવિવારના સવારે દસ કલાકે થશે. તેમની અંતિમયાત્રા રવિવારના સવારના સાત વાગ્યે પૂજ્યશ્રીના 'ધર્મમેઘ', ૩૮, ચંદનગર સોસાયટી, સરદાર પટેલ હાઇસ્કૂલ પાસે, મણિનગર, અમદાવાદ ખાતેથી નિકળીને ખંડેરાવપુરા ગામે જશે, તેમ ડૉક્ટર સદ્ગુરુ સમર્પણ ભીક્ષુજી/ડૉક્ટર સોમાભાઈ પટેલએ જણાવ્યું હતું.

તા. ૨૫-૦૨-૨૦૨૩, શનિવાર

## ઓમ પરિવારના આધ્યાત્મિક વડા યોગભીક્ષુજી મહારાજે દેહત્યાગ કર્યો

અમદાવાદ, તા. ૨૫

ઓમ પરિવારના આધ્યાત્મિક વડા બ્રહ્મચારી યોગીરાજશ્રી યોગભીક્ષુજી મહારાજશ્રીએ ૯૫ વર્ષની ઉંમરે દેહત્યાગ કર્યો છે.



[illegible]

### કડીમાં આજે વૈદિક પધ્ધતિથી અગ્નિ સંસ્કાર કરાશે

[illegible]

**ગુજરાત સમાચાર** તા. ૦૨-૦૩-૨૦૨૩, ગુરુવાર

## યોગીરાજ ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજનો ૯૫ વર્ષની ઉંમરે દેહત્યાગ




[illegible]

### સાધનાસ્થળ ખંડેરાવપુરા ખાતે ગુરુવારે પ્રાર્થનાસભા યોજાશે

**નવગુજરાત સમય** તા. ૨૬-૦૨-૨૦૨૩, રવિવાર

અમદાવાદથી આજે અંતિમયાત્રા નીકળશે

## યોગભિક્ષુજી મહારાજે 95 વર્ષની ઉંમરે દેહત્યાગ કર્યો



[illegible]

॥ સત્યધર્મ ગુરુદેવ કી જય ॥

**ફૂલછાબ** તા. ૨૫-૦૨-૨૦૨૩, શનિવાર

### ઓમ પરિવારના આધ્યાત્મિક વડા

# યોગભિક્ષુજી મહારાજનો દેહત્યાગ, આજે અંતિમયાત્રા



અમદાવાદ, તા.૨૫: ઓમ પરિવારના આધ્યાત્મિક વડા, બાલબ્રહ્મચારી યોગીરાજ યોગભીક્ષુજી મહારાજે ૯૫ વર્ષની ઉંમરે દેહત્યાગ કર્યો છે. તેમની અંતિમ યાત્રા તા.૨૬ ફેબ્રુઆરીએ રવિવારે સવારે ૭ કલાકે અમદાવાદમાં મણીનગર સ્થિત ધર્મમેઘ, ૩૮ ચંદનગર સોસાયટી ખાતેથી નીકળશે. અમદાવાદથી ૪૦ કિલોમીટર દૂર કડી તાલુકાના મેડા ચોકડી પાસેના ખંડેરાવપુરા ગામે જશે. જ્યાં વૈદિક વિધિથી તેઓના અગ્નિસંસ્કાર સવારે ૧૦ વાગ્યે થશે.

મૂળ હળવદ ગામના બાલબ્રહ્મચારી યોગીરાજ યોગભીક્ષુજી મહારાજે વિશ્વ શાંતિ અર્થે અગણિત યજ્ઞ કર્યા હતા. પોતે લખેલ અસંખ્ય પુસ્તક પૈકી વિશ્વ શાંતિના સુક્ષ્મ રહસ્ય દર્શાવતું "નિરક્ષર ઝર્યું કે ગેબથી" પુસ્તક દેશ વિદેશમાં ખૂબ જ લોકપ્રિય બનેલ. સ્વાવલંબી એવા યોગભીક્ષુજી મહારાજ પૂર્વાશ્રમમાં મુંબઈ ખાતે રહેતા હતા ત્યારે ઘણી ધાર્મિક સામાજિક ફિલ્મોમાં અભિનય કરતા રહીને ગુજરાન ચલાવતા અને સાથોસાથ જંગલોમાં રહીને યોગાભ્યાસ કરતા રહીને ગિરનાર ખાતે દત્તાત્રેયની ટૂંક પર દત્તાત્રય ભગવાનના દર્શન પ્રાપ્ત થતાં સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરી હતી, તેમ ભિક્ષુજી કે. સોમાભાઈ પટેલે જણાવ્યું છે.

**राजस्थान पत्रिका** તા. ૨૬-૦૨-૨૦૨૩, રવિવાર


# ओम परिवार के आध्यात्मिक गुरु ने देह त्यागा

**अहमदाबाद @ पत्रिका.** ओम परिवार के आध्यात्मिक गुरु योगभिक्षु महाराज ने रविवार को देहत्याग किया। उनकी आयु 95 वर्ष थी। उनकी अंतिम यात्रा अहमदाबाद के मणिनगर से निकाली जाएगी। उनका अंतिम संस्कार कड़ी तहसील के खंडेरावपुरा गांव में वैदिक पद्धति से होगा। हलवद के मूल निवासी आध्यात्मिक गुरु ने देश-विदेश का दौरा कर लोगों को गृहस्थ आश्रम में रहकर सादा जीवन जीने के साथ प्रभु प्राप्ति का मार्ग बताया।



**કચ્છમિત્ર** તા. ૨૫-૦૨-૨૦૨૩, શનિવાર


# યોગભીક્ષુજી મહારાજનો ૯૫ વર્ષની ઉંમરે દેહત્યાગ



ઓમ પરિવારના આધ્યાત્મિક વડા, અંતિમ યાત્રા અમદાવાદથી કડી-ખંડેરાવપુરા ગામે જશે

**દિવ્ય ભાસ્કર** તા. ૨૫-૦૨-૨૦૨૩, શનિવાર

# યોગભિક્ષુજીના સાધના સ્થળ ખંડેરાવ પુરા ગામે આજે ભંડારાનું આયોજન કરાયું



ગાંધીનગર । ઓમ પરિવારના આધ્યાત્મિક વડા યોગભિક્ષુજીએ 95 વર્ષની ઉંમરે દેહ ત્યાગ કર્યો હતો. તેમના અંતિમ સંસ્કાર તેમની સાધના સ્થળ કડી પાસેના ખંડેરાવપુરા ગામે ભક્તોની ઉપસ્થિતિમાં વૈદિક પદ્ધતિથી ઋષિ કુમારોના ઋચાઓના ગાન સાથે સંપન્ન થયા હતા. ત્યારે આજે ખંડેરાવપુરા ખાતે આધ્યાત્મિક પ્રાર્થના સભાની સાથે ભંડારાનું આયોજન કરાયું હોવાનું છે. સદગુરૂ સમર્પણ ભિક્ષુજીએ જણાવ્યું હતું. જેમાં ગાંધીનગર સહિત રાજ્યભરમાં આજે ભાવિક ભક્તો ઉપસ્થિત રહેશે.

॥ સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય ॥



# पश्चिमाम्नाय श्री शारदापीठ, द्वारका



अनन्तश्री विभूषित द्वारकाशारदापीठाधीश्वर जगद्गुरु शङ्कराचार्य

## स्वामी श्री सदानन्द सरस्वती जी महाराज

श्रीशारदामठ, द्वारका, जिला देवभूमि द्वारका – ३६१ ३३५, गुजरात

निजी सचिव
ब्रह्मचारी सुबुद्धानन्द, शारदापीठ, द्वारका

क्रमांक दिनांक २०/०३/२

ओम् परिवार के आध्यात्मिक गुरु श्री योगभिक्षुजी महाराज के देहत्याग का समाचार सुनकर मन में सहज पीड़ा का अनुभव हुआ।

पूज्यश्री योगीजी ने धर्मपालन करते हुए अपना जीवन अत्यंत आदर्शपूर्ण व्यतीत किया। आपके द्वारा देश-विदेशोंमे अनेक यात्राएं कर मुमुक्षुओं को प्रभु चरणों की प्राप्ति कराने का मार्ग प्रशस्त कराया गया तथा लेखक के रुपमें अनेक ग्रन्थों की रचना के साथ विश्वशान्तिके लिये यज्ञों का अनुष्ठान आपके द्वारा सदैव होता रहा। जिससे लोगो में धर्मानुष्ठान की प्रवृत्ति दृढ हुई। आपके शरीर का शान्त होना आपके अनुयायियों के लिए वज्रपात समान कष्ट है। दुःखके इस समयमें समस्त अनुयायियों को कष्ट सहने की शक्ति माँ भगवती से प्राप्त हो यह प्रार्थना करते हैं एवं आपकी दिव्य आत्माको प्रभु-चरणों मे स्थान प्राप्त हो यही कामना करते है।

द्वारकाशारदापीठाधीश्वर जगद्गुरु
शंकराचार्य जी की आज्ञा से

ब्रह्मचारी नारायणानंद
शारदा पीठ, द्वारका

Mob.: 9427275545, 7587525236, 9724284840. mail-shrishardapeethamdwarka@gmail.com

॥ સત્યધર્મ ગુરુદેવ કી જય ॥

अमित शाह

गृह मंत्री एवं सहकारिता मंत्री
भारत सरकार

## शोक संदेश

**"ओम परिवार"** के आध्यात्मिक प्रमुख **योगीराज महाराज श्री योगभिक्षुजी** के मोक्षलोकगमन की खबर से व्यथित हूँ। महाराज जी योग, आध्यात्म एवं विभिन्न सामाजिक गतिविधियों के माध्यम से समाज के उत्थान के लिए आजीवन सेवारत रहे। उनका देह-त्याग निश्चित ही अपूरणीय क्षति है। मैं उनके निधन पर गहरी संवेदना और शोक व्यक्त करता हूँ।

दुःख, शोक एवं पीड़ा की स्थिति में हम भारतवासियों को अपने पूज्यशास्त्रों से साहस और बल मिलता है। श्रीमद्भागवद्गीता के दूसरे अध्याय के सत्ताईसवें श्लोक में भगवान् श्रीकृष्ण कहते हैं कि, "जिसने जन्म लिया है उसकी मृत्यु निश्चित है और जिसकी मृत्यु हो गई है उसका जन्म निश्चित है। इसलिये, यह जन्ममरणरूप भाव अपरिहार्य है, अर्थात् किसी प्रकार भी इसका प्रतिकार नहीं किया जा सकता।"

आचार्य जी का जीवन सनातन संस्कृति के लिए दिग्दर्शक के रूप में सदैव उपस्थित रहेगा । मैं, उनके सभी अनुयायियों के प्रति अपनी संवेदना व्यक्त करता हूँ तथा उनकी पवित्र स्मृति में अपनी श्रद्धांजलि अर्पित करते हुए दिवंगत जीव की शांति एवं सदगति के लिए प्रार्थना करता हूँ ।

**नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः।**
**न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः।**

**(अमित शाह)**

**ओम परिवार,**
चंद्रनगर सोसायटी,
सरदार पटेल हाई स्कूल के पास,
भैरवनाथ रोड, मणीनगर
अहमदाबाद (गुजरात)

कार्यालय : गृह मंत्रालय, नॉर्थ ब्लाक, नई दिल्ली-110001
दूरभाष : 23092462, 23094686, फैक्स : 23094221
ई मेल : hm@nic.in

apro/jm/2023/03/13/rs

તા. ૧૩-૦૩-૨૦૨૩

**સ્નેહી શ્રી સમસ્ત ઓમ પરિવાર,**

નમસ્કાર,

ઓમ પરિવારના છત્ર સમાન આધ્યાત્મિક વડા અને બાલ બ્રહ્મચારી મહારાજ **શ્રી યોગભિક્ષુજી**ના દેહત્યાગ અંગેના સમાચાર જાણીને અત્યંત દુ:ખ થયું.

સ્વામી એટલે માલિક, પરંતુ આપણી સંસ્કૃતિ અને સમાજના સંતો સંસાર છોડીને અલૌકિક દુનિયાના અધિપતિ બને છે, અને લોકોને ધર્મ, કર્મ અને સાધનાને રસ્તે દોરી જનારા પથદર્શક હોય છે. પ્રસિદ્ધિથી દૂર રહી સાદગીપૂર્ણ જીવન-કવનની સાથે સમાજ સેવા અપનાવી અનેક પુસ્તકોના લેખન થકી સાહિત્ય જગતમાં પદાર્પણ કરી દેશ-વિદેશમાં નામના મેળવી જન-જન માટે દીવાદાંડી સમા બનેલા શ્રી યોગભિક્ષુજી હંમેશાં લોકહૃદયમાં બિરાજેલા રહેશે. સેવા, નિષ્ઠા અને નિર્દોષ જીવન જીવવાની ધર્મપ્રીતિ જન્માવીને સમાજને સવિશેષ ઉજળો રાખનારા **શ્રી યોગભિક્ષુજી**ના દેહાંતથી સમાજને મોટી ખોટ પડી છે.

આવા કઠિન સમયે ઓમ પરિવારના સર્વે સદસ્યો, ભાવિકજનો અને સત્સંગીઓને દિલાસો પાઠવું છું. આપ સર્વે એમનાં સત્કાર્યોને આગળ ધપાવતા રહી એમને સાચી શ્રદ્ધાંજલિ અર્પો એ જ અભ્યર્થના.

આપનો,

(ભૂપેન્દ્ર પટેલ)

To,
**Om Parivar,**
'Dharmvedh', Chandranagar Society,
Nr. Sardar Patel High School, Bhairavnath Road,
Maninagar, Ahmedabad-380028.
E-mail: vedantajani@gmail.com

ભૂપેન્દ્ર પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

॥ સત્યધર્મ ગુરુદેવ કી જય ॥

सत्यमेव जयते

# વિજય રૂપાણી

પૂર્વ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

તા: 28-02-2023

"ઓમ પરીવાર"ના આધ્યાત્મિક વડા પુ. શ્રી યોગભિક્ષુજી મહારાજના દેહત્યાગના સમાચાર જાણી દુ:ખની લાગણી અનુભવું છું.

કોઈપણ સ્થાયી આશ્રયની સ્થાપના કર્યા વગર દેશ–વિદેશમાં ભ્રમણ કરીને આધ્યાત્મિક ચેતનાને જીવંત રાખવાનું દેવી કાર્ય કરતા પૂજ્ય યોગભિક્ષુજી મહારાજે વિશ્વ કલ્યાણ માટે હજારો યજ્ઞ દેશ–વિદેશની ધરતી ઉપર કરીને પૃથ્વીને પાવન કરવાનું ભગીરથ કાર્ય કરેલ. આધ્યાત્મિક ચેતના દ્વારા વિશ્વ શાંતીના સુક્ષ્મ રહસ્યોને ઉજાગર કરતા અનેક પુસ્તકો લખીને તેઓશ્રીએ આવનારી અનેક પેઢીઓનું જીવન જીવવાની સાચી અને સાદી પદ્ધતી સમજાવી છે. તેઓના દેહાવસાનનથી ભારતને ખાસ કરીને ગુજરાતને ન પુરાય તેવી ખોટ પડી છે. તેઓનું હું વિનમ્ર શ્રદ્ધાંજલી પાઠવું છે.

ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

આપનો,

(વિજય રૂપાણી)

॥ સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય ॥

# પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજીના અંતિમ દર્શન - ધર્મમેઘ













॥ સત્યધર્મ ગુરુદેવ કી જય ॥

# પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજીના અંતિમ દર્શન - ધર્મમેઘ













॥ સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય ॥

# પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજીના અંતિમ યાત્રા - ખંડેરાવપુરા













॥ સત્યધર્મ ગુરુદેવ કી જય ॥

# પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજીના અંતિમ યાત્રા - ખંડેરાવપુરા








॥ સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય ॥

# પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજીના સમાધિ સ્થળ - ખંડેરાવપુરા













॥ સત્યધર્મ ગુરુદેવ કી જય ॥

# પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજીના સમાધિ સ્થળ - ખંડેરાવપુરા













॥ સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય ॥

# પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજીના સમાધિ સ્થળ - ખંડેરાવપુરા













॥ સત્યધર્મ ગુરુદેવ કી જય ॥

# પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજીના સમાધિ સ્થળ - ખંડેરાવપુરા














॥ સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય ॥

ईश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।




(समाधिपाद के सूत्रों का भावानुवाद)

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है ऐसा पुरुषविशेष/चेतनविशेष ईश्वर है।

(२५) ईश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) ईश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म-मृत्यु से) पर है।

(२७) ईश्वर का नाम प्रणव/ओम् है।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

---

## ● ટ્રસ્ટના ઉદ્દેશો

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતન તત્ત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્-ૐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવાનો પ્રયત્ન કરવો. (૨) 'યોગ'નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે સાહિત્ય દ્વારા આધ્યાત્મિક જ્ઞાનનો પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય-બહુજનસુખાય'ને લગતાં કાર્યો, જેવાં કે, કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

- **પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજશ્રી સાથેનાં પ્રેરક પ્રસંગો - સંસ્મરણો સંક્ષિપ્તમાં આવકાર્ય છે.**
- **"ઓમ્ પરિવાર"ની કલ્યાણકારી પ્રવૃત્તિઓ વિશેની માહિતી પણ સંક્ષિપ્તમાં આવકાર્ય છે.**

**નોંધ :** જગ્યા-મર્યાદાને કારણે અન્ય કૃતિ-સામગ્રી સ્વીકારી શકાતી નથી.

**- ૠતમ્ભરા સંપાદન સમિતિ**

**લવાજમદર :**

| | | |
|---|---|---|
| ત્રિવાર્ષિક સભ્ય *(ભારતમાં)* ... | ₹ | ૧૦૦-૦૦ |
| આજીવન સભ્ય *(ભારતમાં)* ... | ₹ | ૫૦૦-૦૦ |
| ત્રિવાર્ષિક સભ્ય *(પરદેશમાં)* ... | $ | ૫૦-૦૦ |
| આજીવન સભ્ય *(પરદેશમાં)* ... | $ | ૧૫૦-૦૦ |

**લવાજમ મોકલવાનું કે રુતમ્ભરાને લગતો પત્રવ્યવહાર કરવાનું સ્થળ :**

*ડૉ. સોમાભાઈ એ. પટેલ (ડૉ. સ.સ. ભિક્ષુ)*
૩/બ, પલિયડનગર, દર્પણ સર્કલ પાસે,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
☎ ૦૭૯ ૨૭૯૧૧૧૯૫
મિનિષ પટેલ ૯૮૨૫૪૪૩૬૪૨

**સૂચના :-**

(૧) લવાજમ ચેક, ડ્રાફ્ટ અથવા મનીઓર્ડર દ્વારા "ઓમ્ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ" ના નામે મોકલવું. સાથે આપનું પૂરુ નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવાં.

(૨) જે સભ્યના રહેઠાણનું રુતમ્ભરા અંક મોકલવાનું સ્થળ બદલાયું હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરુ સરનામું L.M. નંબર સાથે લખી મોકલવું, જેથી વ્યવસ્થાપકો દ્વારા અંક મોકલવામાં સરળતા રહે.

Web : www.yogabhikshu.org
E-mail : aumparivar@yahoo.com

Registrar of News Papers of India
under Regd. No. 48770/90
L-5/131/QTY./34/90-91
**Published on Every 3 Months**

**આદ્ય સંસ્થાપક તથા આધ્યાત્મિક વડા**
**પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી**

PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for

**AUMGURU PREMSAMARAPANDHYANBHIKSHU PARIVAR TRUST**

(Reg. No. E/4416 Date 11-5-81)

**From** : 3/B, Paliadnagar Society,
Naranpura, Ahmedabad-13

**Printed at** : Shardul Printing Press

**Hon. Editor** : Minish Patel

I.T.Exe. DIT (E)/80G(5) / 252 / 2008-09

To,

Facebook : yogabhikshu.aumparivar